| | |
|---|---|
| GJGS010008042026 | દાખલ તારીખ : ૨૨.૦૬.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૨૨.૦૬.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૨૩.૦૭.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૧, દિવસ–૦૧ |

==================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. સેશન્સ જજ (શ્રી વી. બી. ગોહીલ સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==================================================

**ફો. રી. અ. નં.૨૯/૨૦૨૬**
**આંક–**

**પ્રિયાંશુભાઇ દેવેન્દ્રનાથ ગૌસ્વામી,**
ઉ. વ. આ. ૪૧, ધંધો. હાલ કાંઇ નહી,
રહે. અલ્હાબાદ (પ્રયાગરાજ)
આનંદભવન, સામે, ૪૪૫/૩૭૧,
કર્નલ ગજ, ઉત્તર પ્રદેશ.

**.... અરજદાર**

**વિરૂધ્ધ**

**૧. ભાવનાબેન પ્રિયાંશુભાઇ ગૌસ્વામી,**
ઉ. વ. આ. ૩૭,

**૨. સગીર સાર્થક પ્રિયાંશુ ગૌસ્વામી**
ઉ. વ. આ. ૦૯,
રહે. બન્ને વેરાવળ, રેયોન કવાર્ટર નં. ૩,
દોલતપ્રેસ કોલોની, જી. ગીર સોમનાથ.

**૩. શ્રી સરકાર.**

**.... સામાવાળાઓ**

--------------------------------------

અરજદાર તરફે વિ. વકિલ શ્રી એ. કે. ચૌહાણ
સામાવાળા નં. ૧ થી ૨ તરફે જાતે.
સામાવાળા નં. ૩ તરફે વિ. પી. પી. શ્રી કે. ડી. વાળા

--------------------------------------

---

**: બી. એન. એસ. એસ. ની કલમ–૪૩૮ મુજબ રીવીઝન અરજી :**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદારે બી. એન. એસ. એસ. ની કલમ–૪૩૮ મુજબ હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની હાલની રીવીઝન અરજી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને સામાવાળાઓને નોટીશ કાઢવામાં આવતા સામાવાળા નં. (૧) અને (૨) તરફે સામાવાળા નં. (૧) જાતે હાજર થયેલ છે. જયારે સામાવાળા નં. (૩) તરફે વિ. પી. પી. શ્રી કે. ડી. વાળા હાજર થયેલ છે.

(૩) આ કામના અરજદાર મુળ અરજીમાં સામાવાળા હતા અને આ કામના સામાવાળા નં. ૧ અને ૨ નાઓ મુળ અરજીમાં અરજદારો હતા, જેથી સરળતા ખાત હવે પછી તેઓને તેઓના મુળ કેસના સ્ટેટસ પ્રમાણે સંબોધવામાં આવશે.

(૪) આ કામના અરજદારની રીવીઝન અરજીની ટુંકમા હકીકત એવી છે કે :–

- આ કામના સામાવાળા નં. ૧ અને ૨/મુળ અરજદાર દ્વારા ટ્રાયલ કોર્ટ સમક્ષ આ કામના અરજદાર વિરૂધ્ધ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૨૫ ભરણપોષણ મેળવવા માટે ફો. પ. અ. નં. ૨૫૫/૨૦૧૮ થી અરજી દાખલ કરેલ હતી, જે અરજી અંશતઃ મંજુર કરીને મુળ અરજદાર નં. (૧) ને માસીક રૂા. ૫,૦૦૦/– અને મુળ અરજદાર નં. (૨) ને માસીક રૂા. ૨,૦૦૦/– એમ મળી કુલ રૂા. ૭,૦૦૦/– ભરણપોષણ પેટે અરજીની તારીખથી દર મહીને ચડ્યે ચડ્યા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ મુળ સામાવાળા દ્વારા ભરણપોષણની કોઈ રકમ જમા કરાવેલ ન હોવાથી કુલ ૧૨ માસના કુલ રૂા.૮૪,૦૦૦/– ચડત ભરણપોષણની રકમ વસુલ મેળવવા માટે ફો. પ. અ. નં. ૩૦૫/૨૦૨૪ થી અરજી દાખલ કરવામાં આવેલ હતી, જે અરજીના કામે મુળ સામાવાળાને નોટીશ કાઢવામા આવતા મુળ સામાવાળા દ્વારા

ભરણપોષણની કોઇ રકમ ભરવાનો ઈન્કાર કરતા ટ્રાયલ કોર્ટે મુળ અરજદારની અરજી અંશતઃ મંજુર કરીને મુળ સામાવાળાનુ ભરણપોષણની ચુકવણીમાં કસુર બદલ એક માસની રકમ ચુકવવાના કસુર બદલ ૩૦ દિવસની સજા કરતા ૧૨ માસના ૩૬૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તા.૧૨.૦૭.૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે, તે હુકમથી નારાજ થઇને આ કામના અરજદારે હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૫) આ કામના અરજદાર તરફે વિ. વ. શ્રી એ. કે. ચૌહાણનાએ પોતાની દલીલોમાં એવી રજૂઆત કરેલ છે કે, ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ એકદમ યોગ્ય કે વાજબી નથી. ટ્રાયલ કોર્ટે પોતાની સમક્ષ રજૂ થયેલ પુરાવાને યોગ્ય રીતે મુલવેલ નથી કે તેનું કાયદાની જોગવાઇ મુજબ મૂલ્યાંકન કરેલ નથી. વધુમા તેઓએ એવી પણ રજૂઆત કરેલ છે કે, ક્રિ. પ્રો. કોડની કલમ–૧૨૫(૩) ની જોગવાઇ મુજબ ભરણપોષણ ચુકવવાના હુકમનુ પાલન ન કરવા બદલ વધુમા વધુ એક મહીનાથી વધુ સમય માટે કેદની સજાની જોગવાઇ નથી, તેમ છતા ટ્રાયલ કોર્ટે એપેલેન્ટને ૫૭૦ દિનની સજા ભોગવવાનો હુકમ કરેલ છે, તે હુકમ યોગ્ય કે વાજબી નથી, જેથી તેને રદ કરવો જરૂરી બને છે. વધુમા તેઓએ નામ. મદ્રાસ હાઇકોર્ટના આર. રાજેશ વિ. કલૈયારાસી, ક્રિ. રીવીઝન કેસ નં. ૫૭/૨૦૧૭ ના ચુકાદા ઉપર આધાર રાખીને હાલની રીવીઝન અરજી મંજુર કરવા રજૂઆત કરેલ છે.

(૬) જયારે સામાવાળા નં. (૧) અને (૨) તરફે સામાવાળા નં. (૧) જાતે હાજર થઇને અરજી નામંજુર કરવા રજૂઆત કરેલ છે. જયારે સામાવાળા નં. (૩) તરફે વિ. પી. પી. શ્રી કે. ડી. વાળાએ રજૂઆત કરેલ છે કે, આ કામે શ્રી સરકાર ફોર્મલ પક્ષકાર હોવાથી નામ. કોર્ટને યોગ્ય લાગે તે હુકમ કરવામા આવે તો વાંધો નથી, તેમ જાહેર કરેલ છે.

(૭) બંને પક્ષોની દલીલો સાંભળતા અને ટ્રાયલ કોર્ટનું રેકર્ડ જોતા આ રીવીઝન અરજીનો ન્યાયીક નિર્ણય કરવા સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

**૧.** શું વેરાવળના વિ. ચીફ જયુડી. મેજી. શ્રીએ ફોજદારી પરચૂરણ અરજી નં.૩૦૫/૨૦૨૪ ના કામે તા.૧૨.૦૭.૨૦૨૪ ના રોજ કરેલ હુકમ, ગેરકાયદેસરનો અને કાયદાના પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો વિરૂધ્ધનો હુકમ છે?

**૨.** શું આ અદાલતે તે વાદગ્રસ્ત હુકમમાં હસ્તક્ષેપ કરવાપણું છે ?

**૩.** શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે :–

**–:: કારણો ::–**

**મુદ્દા નં. ૧ તથા ૩ :–**

**(૧૦)** ઉપરોકત મુદાઓ આંતરીક રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનું બિનજરૂરી પુનરાવર્તન થતુ અટકાવવા અને સગવડતા ખાતર ઉપરોકત મુદાની ચર્ચા એકીસાથે કરવામાં આવી રહી છે.

**(૧૧)** આ કામના અરજદાર દ્વારા હાલની રીવીઝન અરજી બી. એન. એસ. એસ. ની કલમ–૪૩૮ મુજબ ટ્રાયલ કોર્ટ દ્વારા ફો. પ. અ. નં.૩૦૫/૨૦૨૪ ના કામે તા.૧૨.૦૭.૨૦૨૪ ના રોજ કરેલ હુકમથી નારાજ થઇને દાખલ કરેલ છે ત્યારે ટ્રાયલ કોર્ટ કરવામાં આવેલ હુકમ તથા રેકર્ડ વંચાણે લેતા, આ કામના સામાવાળા નં. ૧ અને ૨/મુળ અરજદારો દ્વારા ક્રિ. પ્રો. કોડની કલમ–૧૨૫ ભરણપોષણ મેળવવા માટે ટ્રાયલ કોર્ટમાં ફો. પ. અ. નં. ૨૫૫/૨૦૧૮ થી અરજી દાખલ કરેલ હતી, જે અરજી અંશત: મંજુર કરીને મુળ અરજદાર નં. (૧) ને માસીક રૂા. ૫,૦૦૦/– અને મુળ અરજદાર નં. (૨) ને માસીક રૂા. ૨,૦૦૦/– એમ મળી કુલ રૂા. ૭,૦૦૦/– ભરણપોષણ પેટે અરજીની તારીખથી દર મહીને ચડ્યે ચડ્યા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ મુળ સામાવાળા દ્વારા ભરણપોષણની કોઈ રકમ જમા કરાવેલ ન હોવાથી કુલ ૧૨ માસના કુલ રૂા. ૮૪,૦૦૦/– ચડત ભરણપોષણની રકમ

વસુલ મેળવવા માટે ફો. પ. અ. નં. ૩૦૫/૨૦૨૪ થી અરજી દાખલ કરવામાં આવેલ હતી, જે અરજીના કામે મુળ સામાવાળાને નોટીશ કાઢવામા આવતા મુળ સામાવાળા દ્વારા ભરણપોષણની કોઈ રકમ ભરેલ ન હોવાથી ટ્રાયલ કોર્ટે મુળ અરજદારની અરજી અંશત: મંજુર કરીને મુળ સામાવાળાનુ ભરણપોષણની ચુકવણીમાં કસુર બદલ એક માસના ૩૦ દિવસ લેખે ૧૨ માસની ચડત ભરણપોષણની રકમ નહીં ચુકવવા બદલ કુલ -૩૬૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તા.૧૨.૦૭.૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે.

**(૧૨)** આ રીવીઝન અરજીના કામે અરજદારના વિ. વ. શ્રી દ્વારા એવી રજૂઆત કરવામા આવી છે કે, ક્રિ. પ્રો. કોડની કલમ-૧૨૫(૩) ની જોગવાઈ મુજબ ભરણપોષણના હુકમનુ પાલન ન થાય તો તે બદલ વધુમા વધુ એક મહીનાની કેદની સજાની જ જોગવાઇ કરવામાં આવી છે, તેમ છતાં ટ્રાયલ કોર્ટે અરજદારને દિન-૩૬૦ ની સજા કરવામાં આવી છે, જે હુકમ કાયદા વિરૂધ્ધનો હોય, તેને રદ કરવો જોઇએ. વધુમા તેઓએ મદ્રાસ હાઇકોર્ટના આર. રાજેશ વિ. કલૈયારાસી, ક્રિમીનલ રીવીઝન કેસ નં.૫૭/૨૦૧૭ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. આ સંબંધે સૌપ્રથમ તો ક્રિ. પ્રો. કોડની કલમ-૧૨૫ (૩)ની જોગવાઇને ધ્યાને લેવી જરૂરી બને છે, જે નીચે મુજબ છે :-

**ક્રિ. પ્રો. કોડની કલમ-૧૨૫(૩) :-**

"જો કોઈ વ્યક્તિ ભરણપોષણ ચૂકવવાના આદેશનું પૂરતા કારણ વિના પાલન ન કરે, તો મેજિસ્ટ્રેટ બાકી રકમ વસૂલ કરવા માટે દંડ વસૂલ કરવાની પદ્ધતિ મુજબ વોરંટ બહાર પાડી શકે છે અને બાકી રહેલી દરેક માસિક ભરણપોષણની રકમ માટે, વોરંટના અમલ પછી પણ ચૂકવણી ન થાય તો, તેને એક મહિના સુધી અથવા તે પહેલાં ચૂકવણી થાય ત્યાં સુધી કેદની સજા આપી શકે છે."

**(૧૩)** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો તેમાં ટ્રાયલ કોર્ટ જો મુળ સામાવાળા ભરણપોષણની રકમ ચુકવવામાં કસુર કરે તો એક મહીના સુધી સજા કરી શકે છે. વધુમા આ કામના અરજદારે પોતાની

રજૂઆતના સમર્થનમાં નામ. મદ્રાસ હાઈકોર્ટના **આર. રાજેશ વિ. કલૈયારાસી, ક્રિમીનલ રીવીઝન કેસ નં.૫૭/૨૦૧૭** નો જે ચુકાદો રજૂ કરેલ છે, તેમાં પણ નામ. મદ્રાસ હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, ભરણપોષણ ન ચૂકવવા બદલ વ્યક્તિને એક વખતમાં વધુમાં વધુ એક મહિના માટે જ કેદમાં મોકલી શકાય. તેમ છતાં, જો તે પછી પણ બાકી રકમ ચૂકવવામાં ન આવે તો પત્ની ફરી અરજી કરી શકે છે અને કલમ ૧૨૫(૩) હેઠળ ફરી કાર્યવાહી થઈ શકે છે. આમ, ઉપરોકત કલમ-૧૨૫(૩)ની કાયદાકીય જોગવાઇ અને ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો ધ્યાને લેતા, ટ્રાયલ કોર્ટ ભરણપોષણ ન ચુકવવાના કેસમાં એક વખતમાં વધુમા વધુ એક મહીના માટે જ કેદમા મોકલી શકે, તેથી વધુ કેદની સજા કરી શકાય નહી, તેમ છતાં જો પત્ની ત્યારબાદ ફરી વખત અરજી કરે તો ફરીથી એક મહીના સુધી સજા કરી શકે છે, તેમ છતાં ટ્રાયલ કોર્ટે અરજદારને દિન-૩૬૦ ની સજા ભોગવવાનો હુકમ કરેલ છે, તે હુકમ યોગ્ય કે વાજબી નથી. વધુમા આ કામના અરજદાર તા.૧૨.૦૭.૨૦૨૪ થી જેલમાં સજા ભોગવી રહેલ છે, ત્યારે આ કામના અરજદારનાએ એક મહીના કરતા વધુ સજા ભોગવી લીધેલ હોય, પરંતુ તેઓએ ચડત ભરણપોષણની કોઈ જ રકમ જમા કરાવેલ ન હોય, જેથી ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી, આ કામના અરજદાર પાસે યોગ્ય સમયમાં ચડત ભરણપોષણની રકમ ચુકવવાનો હુકમ કરવો જરૂરી જણાતો હોય, મુદા નં. (૧) અને (૨) નો નિર્ણય હકારમાં આપી, મુદા નં. (૩) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧)** આ કામના અરજદારની બી. એન. એસ. એસ. ની કલમ-૪૩૮ મુજબની ફોજદારી રીવીઝન અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** વેરાવળના વિ. ચીફ જયુડી. મેજી. શ્રીએ ફોજદારી પરચૂરણ અરજી નં.૩૦૫/૨૦૨૪ ના કામે તા.૧૨/૦૭/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ આથી **રદ** કરવામાં આવે છે અને આ કામના અરજદાર/મુળ સામાવાળાએ રૂા. ૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કર્યેથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના અરજદાર/મુળ સામાવાળાએ ચડત ભરણપોષણની રકમ રૂા.૮૪,૦૦૦/- આ કામના સામાવાળા નં.(૧) અને (૨)/મુળ અરજદારોને આ હુકમની તારીખથી **એક મહીનામાં** ચુકવી આપવાના રહેશે અને જો આ કામના અરજદાર/મુળ સામાવાળા તેમ કરવામાં કસુર કરે તો આ કામના સામાવાળા નં.(૧) અને (૨)/મુળ અરજદારો તે સંબંધે જરૂરી કાનૂની કાર્યવાહી કરી શકશે.

**(૪)** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**(૫)** આ હુકમની એક નકલ સાથે ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ તાત્કાલીક મોકલી આપવુ.

- આ કામના અરજદાર/મુળ સામાવાળા જેલમાં સજા ભોગવી રહેલ હોય, તેને આ હુકમની જાણ કરતી યાદી સંબંધિત જેલને કરવી.

આજરોજ આ હુકમ તા.૨૩મી, માહે-જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૭/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨